SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# સાહિત્ય અને રાષ્ટ્રીયતા

*પ્રો. રામભાઈ જે. બાપોદરા*

**૧. પ્રસ્તાવના**

સ્વાતંત્ર્ય ભારતની હવામાં એકવીસમી સદીનો માનવ, એ હાલ શ્વાસ લઈ રહ્યો છે. ભારત માતાને વિશ્વગુરુના સિંહાસન પર પુનઃ સ્થાપિત કરવાનાં સ્વપ્ન જોઈ રહ્યો છે. ત્યારે યાદ કરવું જરુરી જણાય કે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના એ સ્વર્ણિમ દિવસે ભગવાન સોમનાથ કે રૈવતક ( ગિરનાર) સહિત અનેક તીર્થસ્થાનો પાકિસ્તાનનો ભાગ બનવા જઈ રહ્યાં હતાં. પરંતુ તત્કાલીન સ્વાતંત્ર્યવીરો અને જાગૃત સામાજિક નેતાઓના દ્રઢ સંકલ્પ અને સંઘર્ષ પછી આજની પરિસ્થિતિ પ્રાપ્ત થઈ છે. એ હંગામી સરકાર (આરઝી હકૂમત), તેનું નેતૃત્વ તેની આયોજનબદ્ધતા, તથા કાર્ય સિદ્ધ કરવા માટે પ્રાણ અર્પણ કરવાની તૈયારી. તેનાથી માહિતગાર થવું હોય તો, ઐતિહાસિક સાહિત્યમાં રહેલ જુનાગઢનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને તેમાં રહેલ રાષ્ટ્રીયતા તથા તે સંલગ્ન વ્યક્તિ વિશેષનો પરિચય હોવો અનિવાર્ય બની રહે છે.

**૨. સાહિત્ય અને રાષ્ટ્રીયતા**

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે આપણે ખંડીત સ્વતંત્રતા મેળવી. અને તેની ઉજવણી કરવામાં આવી. પરંતુ તે દિવસે આપણા ગુજરાતના જ નહીં પરંતુ સમગ્ર ભારતવર્ષના શ્રધ્ધા કેન્દ્ર સમાન સોમનાથ મહાદેવ, પ્રભાસ પાટણ ઉપરાંત ભારતની પ્રાચીન ધરોહર ગણાતો ગરવો ગિરનાર સહિતના સ્થાન તત્કાલીન જુનાગઢ રાજ્યને પાકિસ્તાન સાથે જોડવાની આઘાતજનક જાહેરાત જુનાગઢ નવાબ મહોબતખાન ત્રીજાએ કરી હતી. અને એ દ્રષ્ટિએ આ પંથક પાકિસ્તાનનો ભાગ બનવા જઈ રહ્યો હતો. પરંતુ વિદેશી અને વિધર્મી અંગ્રેજો સામે વીર નેતાજી સુભાષચંદ્ર બોઝના નેત્રુત્વ હેઠળ આઝાદ હિન્દ ફોજે મેળવેલા વિજયો પછી તેઓએ સ્થાપેલી ભારતની પ્રથમ સ્વાતંત્ર્ય સરકાર ( જેને જાપાન અને સિંગાપુર સહિત ચૌદ દેશોએ સમર્થ આપેલું) તેમાંથી પ્રેરણા મેળવી ગુજરાતના નરબંકાઓએ જે કુનેહથી વાટાઘાટો અને સશસ્ત્ર સંગ્રામ વળે આ સમગ્ર જુનાગઢ રાજ્યને મુક્તિ અપાવી હતી તે સંઘર્ષનો ઈતિહાસ એટલે જ તત્કાલીન જુનાગઢ સ્ટેટની મુક્તિનો ઈતિહાસ. જે મુક્તિના ઈતિહાસમાં સંતોનું પ્રદાન સુવર્ણ અક્ષરે કદાપી કાળનો કાટ ન લાગે તે રીતે અંકીત છે. આઝાદી મેળવવાના શ્રેયની વ્યથા કથા એટલે આરઝી હકૂમતની સ્થાપના અને તેની વિજયયાત્રા. તારીખ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ થી ૯ નવેમ્બર ૧૯૪૭ સુધીનો આરઝી હકૂમતનો ઈતિહાસ એ સંઘર્ષનો અને સંઘર્ષના અંતે મેળવેલા વિજયનો ઈતિહાસ છે.

ડૉ. એસ.વી જાની પોતાના એક પુસ્તક નવાબી 'શાસનનો અંત'માં નોંધે છે કે રાજકીય રીતે જુનાગઢ ભારતનું અભિન્ન અંગ હોવા છતાં પાકિસ્તાન સાથે જોડાયેલું હતું. અને એ રીતે ભારતરુપી દેહ પર એક ગુમડું હતું.

અહીં તમે જુઓ કેવો પ્રતિકાત્મક શબ્દપ્રયોગ કર્યો છે. રાષ્ટ્રીયતાનું સાહિત્યમાં કેવું નિરૂપણ ! ગુમડું એ સમગ્ર કાયામાં ખુબ કષ્ટ આપે છે. તેવું જ કંઈક જુનાગઢ પણ હતું. સામાજિક અને આર્થિક બાબતે પણ જુનાગઢ કાઠીયાવાડનું એક અંગ હતું. છતાં તેના પાકિસ્તાન સાથેના જોડાણથી એક પ્રકારનો ભુકંપ આવ્યો હતો. તારીખ ૨૫ સપ્ટેમ્બર અને રવિવાર. આ દિવસ જુનાગઢના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ દિવસ તરીકે ઓળખાતો હતો. અગાઉ પુર્ણ થયેલા તમામ પરામર્શ મુજબ વિરાટ જનસભામાં આરઝી હકૂમતની જાણ કરવાની હતી. સમય ખુબ ઓછો હતો. ખાસ તો આ સમાંતર સરકારનું જાહેરનામું તૈયાર કરવાનું, તેના પ્રધાનમંડળની નિમણૂકો કરવાની અને સૌથી અગત્યનું તેના મુખ્ય નેતાની વરણી કરવાનું કાર્ય હતું. મુંબઈના માધવબાગ મુકામે તારીખ ૨૫ સપ્ટેમ્બર રવિવાર સાંજે ૫:૩૦ કલાકે અસંખ્ય જનમેદની એકત્ર થઈ અને ૬:૧૭ કલાકે પ્રચંડ ગગનભેદી જયઘોષ સાથે આરઝી હકૂમત જુનાગઢ સ્ટેટની જાહેરાત કરવામાં આવી હતી.

આ હંગામી સરકારનું જાહેરનામું શ્રી કનૈયાલાલ મુનશી દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. કનૈયાલાલ મુનશી એટલે ગુજરાતી ભાષાના સમર્થ સાહિત્યકાર. તેમના દ્વારા રાષ્ટ્રીયતાના પાયાના પથ્થર તરીકે શબ્દો કંડારવામાં આવ્યા છે. જુનાગઢ નિવાસીઓએ જુનાગઢની મુક્તિ માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની તૈયારી બતાવી હતી. અને સાથો સાથ બીજા કાઠીયાવાડી પ્રજાજનોએ પણ અલગથી પ્રતિજ્ઞા લીધી હતી.

ડૉ. વિશાલભાઈ જોષીના શબ્દોમાં કહીએ તો, ઈતિહાસ હંમેશા અધ્યાત્મની પૃષ્ઠભૂમિમાં જ રચાય છે. તે વિધાનને સાર્થક કરતી અને સમર્થન આપતી બાબતો ગરવા ગિરનાર ક્ષેત્રમાં આવેલ ઐતિહાસિક નગરી જુનાગઢ, પ્રભાસ ક્ષેત્ર અને સોમનાથની નિશ્રામાં હંમેશા જોવા મળેલી છે. તારીખ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે સમગ્ર દેશ આઝાદીનો ઉત્સવ ઉજવી રહ્યો હતો ત્યારે દેશનું અવિભાજ્ય અંગ જુનાગઢ રાજ્ય મુક્તિ મેળવવા માટે મહાસંગ્રામ લડી રહ્યું હતું. તારીખ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ તત્કાલીન જુનાગઢ રાજ્યમાં પાકિસ્તાની ધ્વજ લહેરાતો હતો .આ બાબત સોરઠના સંતો મહંતો માટે અસહ્ય, દર્દનાક અને કષ્ટદાયક હતી. જુનાગઢ, સોમનાથ, મેંદરડા, માણાવદર, કુતિયાણા, બિલખા અને વિસાવદર સહિત જુનાગઢ રાજ્યના પ્રસિદ્ધ ધાર્મિક આશ્રમો અને મંદિર સહિતનાં સ્થાનકોના રક્ષક આ જુનાગઢની દિવ્ય ભવ્ય ભુમિ માટે એકજુથ બની સંઘર્ષ કરી રહ્યા હતા. જુનાગઢ રાજ્યના તમામ સંપ્રદાયની વિવિધ જ્ઞાતિના આ સંતો જુનાગઢ રાજ્યની મુક્તિ માટે શાસ્ત્રોની સાથે શસ્ત્રો રાખી લગત લડી રહ્યા હતા. આ સંતો પોતાના જીવના જોખમે પાકિસ્તાની સંસ્થા જમિયુતલ ઈસ્લામના ત્રાસવાદીઓ અને આતંક ફેલાવનાર તત્વો સામે લડતા આપી રહ્યા હતા.

જુનાગઢની મોટી હવેલીના ગોસ્વામી પુરુષોત્તમલાલજી, અલીધ્રાના બ્રહ્મચારી બાપુ, કુતિયાણાના કબીરપંથી મહંતશ્રી વિજયદાસ બાપુ, જુનાગઢની સંસ્કૃત પાઠશાળાના મહંતશ્રી મયારામદાસ બાપુ, સંતશ્રી ડાયારામ બાપુ, વિસાવદરના મહંતશ્રી મોતિગરજી, કોયલી મઠના મહંતો સહિત અનેક સંતોએ પોતાના મઠ, મંદિર અને આશ્રમો તથા ધર્મશાળા સહિતની જગ્યાઓ સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે તથા પ્રજા માટે ખોલી નાખી હતી. તેમના દ્વારા લખાયેલા સાહિત્યમાં પણ આપણને રાષ્ટ્રીયતા દ્રષ્ટિગોચર થાય છે.

### ૩. ઉપસંહાર

રાષ્ટિયતા એ એક વિશાળ સંજ્ઞા છે. જેનું આલેખન ઈતિહાસ અને સાહિત્યમાં થયેલું છે. ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૭ થી ૨૦ ડિસેમ્બર ૧૯૪૭ એમ કુલ ૮૭ દિવસનો આરઝી હકૂમતનો કાર્યકાળ રહ્યો હતો. જેમાં ૨૪ ઓક્ટોબર ૧૯૪૭ થી ૨૦ ડિસેમ્બર ૧૯૪૭ દરમિયાન ગામો જીતવા ઉપરાંત ત્યાં વહિવટી તંત્રનું સફળતાપૂર્વક સંચાલન થયું હતું. ડૉ. એસ.વી.જાની ના શબ્દોમાં કહીએ તો "આરઝી હકૂમતના વહીવટી તંત્રે સમ્રાટ અશોકના વહિવટી તંત્રની જેમ લોકોના હદયમાં આજીવન ચિરંજીવ પોતાનું સ્થાન અંકિત કર્યું છે." જેને આજે હું અને આપ બધા નતમસ્તક સાહિત્ય અને ઇતિહાસમાં રહેલી રાષ્ટ્રીય ભાવનાને વંદન કરીએ છે.

### સંદર્ભ સૂચિ


૧) 'જુનાગઢ રાજ્યનો મુક્તિ સંગ્રામ આરઝી હકૂમત' ૧૯૪૭ લેખકો, ડૉ. ગિરીશ ઠાકર, હસમુખ જોષી, ડૉ. વિશાલ જોષી.

૨) 'નવાબી શાસનનો અંત' લેખક, ડૉ.એસ.વી.જાની

૩) 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ'